# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## સમગ્ર સૌરાષ્ટ્ર માંથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની ગુજરાત રાજયની સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટિમાં નિમણુંક...

તાજેતરમાં જ ગુજરાત રાજય સરકારના ઉધોગ વિભાગ દ્વારા રાજયના ઔધોગિક વિકાસ અર્થે વૈશ્વિક મૂડીરોકાણને આકર્ષવા માટે સમયાંતરે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ- ૨૦૨૪ નું આયોજન કરવામાં આવનાર હોય. તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે રાજયની ઔધોગિક પ્રોત્સાહન યોજનાઓના પૂન:મૂલ્યાંકન અને આગામી સમયમાં નવી પ્રોત્સાહન યોજનાઓના ઘડતર જેવી અગત્યની કામગીરી કરવા અને વખતો વખત સરકારશ્રીને થયેલ કામગીરી અંગે રીપોર્ટ કરવા માટે તેમજ રાજયની નવી ઔધોગીક નિતિની રચના કરવા અને હાલની યોજનાનાં અમલીકરણમાં પડતી મુશ્કેલી દૂર કરવાના શુભ આશય સાથે માનનીય અધિક ઉધોગ કમિશ્નરશ્રીની અધ્યક્ષાતામાં "સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ કમિટિ" ની રચના કરવામાં આવેલ છે.

આ કમિટિમાં સમગ્ર સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવને સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આ નિમણુંકથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોમાં હર્સની લાગણી છવાયેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.